ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date: 01st August, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
..........................................,
ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ૭૩માં સ્વતંત્રતા દિવસ અને વિક્રમ સારાભાઈના ૧૦૧માં જન્મદિવસની ઉજવણી હેતુ

**'સ્વતંત્રતાના ૭૨ વર્ષ : અવકાશીય ટેકનોલોજીથી સજ્જ આજનું ભારત' વિષય પર નિબંધ સ્પર્ધા.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

સમય સાથે અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે ભારત દેશ વિશ્વનાં મહત્વના મિશનોમાં નામના ધરાવે છે. જેનો શ્રેય ISROના સ્થાપક ડૉ. વિક્રમ સારાભાઇને જાય છે. ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઈસરો) સંસ્થા ભારત દેશ માટે અવકાશ વિજ્ઞાનની મોટી ઉપલબ્ધી છે. આ વર્ષે ૧૨ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ ડૉ. વિક્રમ સારાભાઇ ૧૦૧મી જન્મજયંતિ દેશ ભરમાં ઉજવાઈ રહી છે. સાથોસાથ ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ ૭૩માં સ્વાતંત્ર્ય દિવસ ઉજવાઈ રહ્યો છે. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા બંને દિવસોની ઉજવણીના ભાગરૂપે **'સ્વતંત્રતાના ૭૨ વર્ષ : અવકાશીય ટેકનોલોજીથી સજ્જ આજનું ભારત'**. વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નિબંધ સ્પર્ધા A- ૮ થી ૧૪ વર્ષ, B- ૧૫ થી ૩૦વર્ષ અને C- ૩૧ અને તેનાથી વધુ એમ કુલ ત્રણ વિભાગોમાં યોજાશે. જેમાં નિર્ણાયકો દ્વારા નિર્ણય લેવામાં, ૧. વિક્રમ સારાભાઇ અને અવકાશીય ટેકનોલોજી ક્ષેત્રે આજનું ભારત – ૩૦ માર્ક, આઝાદીના ૭૩માં વર્ષે રાષ્ટ્ર સુરક્ષા ક્ષેત્રે આજે ભારત – ૩૦ માર્ક, વિચાર મૌલિકતા અને વૈજ્ઞાનિક અભિગમ - ૨૦ માર્ક, અક્ષર સ્વચ્છતા - ૧૦ માર્ક, નિયમ પાલન - ૧૦ માર્ક્સ આ મુજબ કુલ ૧૦૦ માર્કની ગણતરી કરવામાં આવશે. પ્રત્યેક વુભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનારને સંસ્થા તરફથી પ્રોત્સાહિત કરવામાં આવશે. ભાગ લેનાર તમામને Email / WhatsApp માં સોફ્ટ-પ્રમાણપત્ર આપવામાં આવશે.

નોંધ : <u>www.krcscbhavnagar.org</u> / Upcoming Event અથવા WhatsApp 8866570111 પર પોતાનો નિબંધ ૨૦/૦૮/૨૦૨૦ સાંજે ૧૨ વાગ્યા સુધીમાં અપલોડ કરવાનો / સેન્ડ કરવાનો રહેશે. જાહેર રજાના દિવસને બાદ કરતા વધુ માહિતી માટે સવારે ૧૦ વાગ્યા થી સાંજના ૬ વાગ્યા દરમ્યાન 8866570111 પર સંપર્ક કરી શકાશે.

(હર્ષદ જોષી) 1-8-20 6:20 PM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.